# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
## ગાંધીનગર

**ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)**

**(ગુજરાતી માધ્યમ)**

# પ્રશ્નબેંક-2008

## વિષય : વાણિજ્ય વ્યવસ્થા

પ્રકાશક

સચિવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

સેક્ટર 10-બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર-382043

# વાણિજ્ય વ્યવસ્થા (046)

## વિભાગ-A

(1) જ્ઞાનને અમલમાં મૂકવાની સરળ પદ્ધતિ એટલે...

(A) કળા (B) વિજ્ઞાન

(C) ધંધો (D) વ્યવસાય

(2) હેનરી ફેયોલે સંચાલનના સિદ્ધાંતોને કેટલા વિભાગમાં વહેંચ્યા છે.

(A) 10 (B) 14

(C) 6 (D) 13

(3) આયોજન અંકુશના કાર્ય માટે ક્યું તત્ત્વ પુરું પાડે છે ?

(A) અહેવાલ (B) માપદંડ કે ધોરણ

(C) કાર્યસૂચી (D) નિયમો

(4) વ્યવસ્થાતંત્રની રચનાનો પ્રથમ તબક્કો....

(A) ધ્યેયની સ્પષ્ટતા (B) જવાબદારીની સોંપણી

(C) ધ્યેયની યાદી (D) કાર્યની યાદી

(5) માનવ-જરૂરિયાતોનો અગ્રતાક્રમ નક્કી કરનાર માસ્લો શું હતા ?

(A) સાહિત્યકાર (B) કલાકાર

(C) મનોવૈજ્ઞાનિક (D) સમાજ સુધારક

(6) ઔદ્યોગીક ઝગડાના મૂળમાં મહત્વનો મુદ્દો હંમેશા...

(A) સગવડનો અભાવ (B) કામદારનું વેતન

(C) વેતન (D) સંચાલકોનું વર્તન

(7) અંકુશ કેવી પ્રવૃત્તિ છે ?

(A) રચનાત્મક (B) વિનાશક

(C) બિનઅસરકારક (D) નકારાત્મક

(8) અંકુશની પ્રક્રિયાનો પ્રથમ તબક્કો...

(A) કામગીરીનું માપન (B) સુધારાલક્ષી પગલા

(C) ધોરણોની સ્થાપના (D) થયેલ કામગીરીની સ્થાપિત ધોરણો સાથે સરખામણી

(9) ગ્રાહક સુરક્ષાનો કાયદો કઈ સાલથી અસ્તિત્વમાં આવ્યો છે ?

(A) 1886 (B) 1986

(C) 1970 (D) 1978

(10) ભારતમાં ક્યા ઉદ્યોગનું સ્વતંત્રતા પછી રાષ્ટ્રિયકરણ કરવામાં આવ્યું ?

(A) રેલ્વે (B) કાપડ

(C) વાહન (D) બેંક

(11) સંચાલનના કાર્યક્ષેત્રમાં માનવોનું સ્થાન કેવું છે ?

(A) સાધારણ (B) મહત્વપૂર્ણ

(C) બિનમહત્વપૂર્ણ (D) અંશતઃ મહત્વપૂર્ણ

(12) વ્યવસ્થાતંત્રના માળખામાં કઈ સપાટીના કાર્યો નિર્ણયોના અમલ કરવાને લગતા હોય છે ?

(A) ઉચ્ચસપાટી (B) મધ્યસપાટી

(C) તળ સપાટી (D) એકપણ નહી.

(13) માનસીક શાંતિની જરૂરિયાત એટલે...

(A) સુરક્ષાની જરૂરિયાત (B) સામાજીક જરૂરિયાત

(C) પ્રાથમીક જરૂરિયાત (D) પ્રતિષ્ઠાની જરૂરિયાત

(14) માનવ અધિકારની મૂળમાં શું સમાયેલ છે ?

(A) કાયદાનું બંધન (B) લોકશાહી વિચારસરણી

(C) માનવ ગૌરવ (D) નીતિમત્તા

(15) સંચાલનના સિદ્ધાંતોની સફળતાનો આધાર...

(A) માનવીના સ્વભાવ પર (B) મેનેજર ઉપર

(C) યંત્રો-મશીનરી પર (D) શિસ્ત ઉપર

(16) સંચાલન અને વહીવટ પરસ્પર કેવી પ્રવૃત્તિ છે ?

(A) પૂરક (B) હરિફ

(C) વિરોધાભાસી (D) તટસ્થ

(17) સપ્રમાણ સતાની સોંપણી વખતે....

(A) વ્યક્તિને ધ્યાનમાં લેવાય છે.

(B) શિક્ષણને ધ્યાનમાં લેવાય છે.

(C) વિભાગને ધ્યાનમાં લેવાય છે.

(D) જવાબદારીને ધ્યાનમાં લેવાય છે.

(18) ઔપચારિક માહિતિ સંચારનો મુખ્ય હેતુ...

(A) દોરવણીનો (B) આયોજનનો

(C) અંકુશ અને સંકલનનો (D) સુધારલક્ષીનો

(19) સમગ્ર વિશ્વમાં વેપાર માટે એક મંચ ઉભો થાય તે હેતુથી શાની રચના થઈ છે ?

(A) Fema (B) FERA

(C) W.T.O. (D) G.A.T.T.

(20) જ્યારે ઉપરથી અધિકારી પોતાના તાબેદારોને સંદેશાઓ મોકલો એટલે...

(A) નિમ્નગામી માહિતિ સંચાર

(B) ઉર્ધ્વગામી માહિતિ સંચાર

(C) સમસ્તર માહિતિ સંચાર

(D) અનૌપચારિક માહિતિ સંચાર

(21) કર્મચારીને આપવામાં આવતું માર્ગદર્શન અને તેમના પર થતી દેખરેખ એટલે...

(A) સંચાલન (B) દોરવણી

(C) અભિપ્રેરણ (D) અંકુશ

(22) હુકમ આપવાનો અને તેનો અમલ થાય તે જોવાનો અધિકાર એટલે...

(A) સત્તા (B) જવાબદારી

(C) ઉત્તરદાયિત્વ (D) ફરજ

(23) જો કર્મચારીઓને તેમની કાર્યદક્ષતામાં બદલો ન મળે તો શેમાં વધારો થાય છે ?

(A) મજૂરી ગેરહાજરી (B) મજૂર અપકર્ષ

(C) મજૂર ફેરબદલીદર (D) મજૂર છટણી

(24) દોરવણીમાં હુકમો, સૂચનો અને માર્ગદર્શન ઉપરાંત..

(A) સલાહ (B) દેખરેખ

(C) અંકુશ (D) તાલીમ

(25) સંચાલનના સિદ્ધાંતો હોવાને કારણે તે...

(A) કુદરતી વિજ્ઞાન (B) સામાજીક વિજ્ઞાન

(C) વ્યવસાય (D) કળા અને વિજ્ઞાન છે.

(26) સંચાલનની ઉચ્ચ સપાટીના કાર્યોમાં...

(A) લાંબાગાળાનું આયોજન છે. (B) ટૂંકાગાળાનું આયોજન છે.

(C) વ્યુહાત્મક આયોજન છે. (D) નાણાંકીય આયોજન

(27) આયોજન માટે આધારો નક્કી કરવા એટલે...

(A) નિષ્ણાંતો રોકવા (B) આંકડાઓ નક્કી કરવા

(C) પાયાનું ચણતર કરવું (D) પૂર્વધારણા કરવી.

(28) અવૈધિક વ્યવસ્થાતંત્રમાં વ્યક્તિની જવાબદારી....

(A) વિભાગીય વડો નક્કી કરે છે.

(B) વ્યક્તિ પોતેજ નક્કી કરે છે.

(C) મેનેજર નક્કી કરે છે.

(D) જૂથના અન્ય સભ્યો નક્કી કરે છે.

(29) ધંધાની સફળતાનો આધાર...

(A) શક્તિ ઉપર છે. (B) વૃત્તિ ઉપર છે.

(C) શક્તિ અને વૃત્તિ પર છે. (D) લાયકાત પર છે.

(30) ઉમેદવારની અરજી મેળવવા સુધીના કાર્યને....

(A) પસંદગીનું કાર્ય કહે છે. (B) સામાન્ય કાર્ય કહે છે.

(C) જાહેરાતનું કાર્ય કહે છે. (D) ભરતીનું કાર્ય કહે છે.

(31) સમય નિરીક્ષણ અને ગતિનિરીક્ષણ કરવાથી....

(A) સમય બચે છે. (B) ઝડપ વધે છે.

(C) ગુણવત્તા સુધરે છે. (D) કાર્યક્ષમતા વધે છે.

(32) કેટલીક પેદાશોને અમુક સમય પછી ગ્રાહકો પસંદ કરતા નથી...

(A) ધંધાકીય પર્યાવરણ (B) ભયસ્થાનોની ઓળખ

(C) તક ઝડપવી (D) સતત શીખવા માટે પર્યાવરણ

(33) તાલીમાર્થી અને એકમ વચ્ચે તાલીમ આપવાનો કરાર કરવામાં આવે છે. તે તાલીમ....

(A) કાર્યસ્થળે તાલીમ (B) એપ્રેન્ટિસ તાલીમ

(C) વેસ્ટિબ્યુલ તાલીમ (D) ઈન્ટર્નશીપ તાલીમ

(34) આધુનિક સંચાલનના પિતાનું બિરુદ...

(A) ફ્રેડરીક ટેલર (B) જ્યાર્જટેરી

(C) હેરોલ્ડ કુન્ત્ઝ (D) હેનરી ફેયોલ

(35) વૈજ્ઞાનિક સંચાલનની વિચારધારાના પ્રણેતા કોણ હતા ?

(A) શ્રી જ્યોર્જ ટેરી (B) શ્રી હેનરી ફેયોલ

(C) શ્રી એફ. ટેલર (D) શ્રી લ્યુથર ગ્યુલિક

(36) સંચાલન એક પ્રક્રિયા છે તેવો ખ્યાલ આપનાર...

(A) ડો. ટેરી (B) પીટર ડ્રકર

(C) હેનરી ફેયોલ (D) લ્યુથર ગ્યુલિક

(37) ઉત્પાદન-અંકુશ માટેની પૂર્વશરત...

(A) ઉત્પાદન કર્મચારી વ્યવસ્થા (B) ઉત્પાદન આયોજન

(C) ઉત્પાદન વ્યવસ્થા તંત્ર (D) ઉત્પાદન માટેની તાલીમ

(38) ગ્રાહક-સુરક્ષાની પ્રવૃત્તિ કેવા સ્વરૂપની ગણાય ?

(A) ધાર્મિક (B) રાજકીય

(C) સામાજીક (D) આર્થિક

(39) ફ્રેડરીક ટેલરના મત મુજબ રૂઢીગત સંચાલન...

(A) ઘર્ષણ પેદા કરતું હતુ (B) નાના એકમો માટે હતું.

(C) સમયનો બગાડ હતો (D) ગેરશિસ્ત પેદા કરતું હતું

(40) આયોજન ધંધાનું મગજ છે. વ્યવસ્થાતંત્ર....

(A) હૃદય (B) નાક

(C) શારિરિક માળખું (D) રક્ત છે.

(41) ક્યા વ્યવસ્થાતંત્રમાં સત્તા અને જવાબારીની વહેંચણી કાર્ય અનુસાર થાય છે ?

(A) રૈખિક (B) કાર્યાનુસાર

(C) સમિતિ (D) માર્ગદર્શન

(42) આદર્શ અંકુશ વ્યવસ્થા બધા જ વિભાગોને માર્ગદર્શન આપીને...

(A) આયોજન કરે છે. (B) સત્તા સોંપણી કરે છે.

(C) સંકલન કરે છે. (D) અહેવાલો તૈયાર કરાવે છે.

(43) સતાનું કેન્દ્રીકરણ ક્યા સંજોગોમાં સફળ થાય છે ?

(A) એકમનું કદ નાનું હોય (B) એકમનું કદ મોટુ હોય

(C) એકમનું કદ મધ્યમ હોય (D) કર્મચારીઓ બિનકાર્યક્ષમ હોય.

(44) ભારતમાં Fema નો કાયદો કઈ સાલમાં અસ્તિત્વમાં આવ્યો ?

(A) 1956 (B) 1970

(C) 1992 (D) 1999

(45) સારા નેતૃત્વ માટેની પ્રાથમીક જરૂરિયાત...

(A) આયોજન (B) માહિતી સંચાર

(C) કાર્ય વિશ્લેષણ (D) કાર્ય સંતોષ

(46) નીચેનામાંથી ક્યા કાર્યનો સમાવેશ નાણાંકીય સંચાલનમાં થતો નથી ?

(A) પેદાશમિશ્ર (B) નાણાંની પ્રાપ્તિ

(C) નાણાંનો ઉપયોગ (D) આવકની ફાળવણી

(47) અંકુશીત અર્થકારણને છોડીને વ્યાપાર ઉદ્યોગોને મુક્તિના વાતાવરણમાં મુકવા...

(A) ઉદારીકરણ (B) ખાનગીકરણ

(C) વૈશ્વિકીકરણ (D) મિશ્ર અર્થતંત્ર

(48) કર્મચારી વિનાનું વ્યવસ્થાતંત્ર એટલે...

(A) મગજ વિનાના શરીર જેવું છે.

(B) હાડપીંજર જેવું છે.

(C) માથા વિનાના શરીર જેવું છે.

(D) આત્મા વગરના હાડપીંજર જેવું છે.

(49) માસ્લોના જરૂરિયાતોના અગ્રતાક્રમના સિદ્ધાંતમાં આત્મસિદ્ધિઓ...

(A) પ્રાથમીક (B) બીજી

(C) ત્રીજી (D) અંતીમ

(50) માહિતિસંચાર એ આપણા વિચારોને બીજાના મગજમાં દાખલ કરવાની....

(A) રીત (B) કાર્યવાહી

(C) પ્રક્રિયા (D) ક્રિયા

(51) જૂથ ભાવનાના સિદ્ધાંતથી....

(A) ઘર્ષણ વધે છે (B) ઈર્ષ્યા વધે છે.

(C) સંવાદિતતા વધે છે. (D) સંઘર્ષ વધે છે.

(52) વ્યવસ્થાતંત્રનું માળખું સત્તા સોંપણી અસરકારક બનાવવા કેવું રાખવું જોઈએ ?

(A) કાર્યક્ષમ (B) જડ

(C) સુષુપ્ત (D) પરિવર્તનશીલ

(53) સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાથી.....

(A) કાર્યક્ષમ (B) જડ

(C) સુષુપ્ત (D) પરિવર્તનશીલ

(54) ટેલરના સિધ્ધાંતનો વિરોધ કરનાર મેનેજરોની મુખ્ય દલીલ હતી...

(A) ખર્ચ વધે છે (B) સત્તા મળતી નથી

(C) નિર્ણયો લઈ શકાતા નથી (D) શિસ્ત જ લવાતી નથી.

(55) સુધારાલક્ષી પગલા લેવાનો મુળ હેતુ....

(A) ઉત્પાદન વધારવાનો (B) નફો વધારવાનો

(C) ભૂલોનું પુનરાવર્તન અટકાવવાનો (D) બગાડ અટકાવવાનો

(56) ઉત્તરદાયિત્વનો માર્ગ કઈ તરફનો હોય છે ?

(A) નીચેથી ઉપર તરફ (B) ઉપરથી નીચે તરફ

(C) સમકક્ષ (D) એકપણ નહી.

(57) ધંધાની સફળતા માટે સામાન્ય રીતે ક્યાં માપદંડનો ઉપયોગ થાય છે ?

(A) નફો (B) પારદર્શકતા

(C) કરકસર (D) વહીવટ

(58) આધુનિક અભિપ્રાયો મુજબ સંચાલન એટલે...

(A) ઉત્પાદન આયોજન કરવું (B) કર્મચારીની ભરતી કરવી

(C) નીતિઓ નક્કી કરવી (D) વેચાણના લક્ષ્યાંકો નક્કી કરવા

(59) હેન્રરી ફેયોલ હુકમની કવાક્યતાનો સિધ્ધાંત કઈ બાબતની ખાતરી આપે છે ?

(A) સંકલન (B) જુથભાવનો

(C) વ્યક્તિગતહિત (D) શિસ્ત

(60) આયોજન દ્વારા શું જાણવા મળે છે ?

(A) ભાવિપ્રવૃત્તિનકશો (B) ભાવિકલ્પના

(C) ભાવિ નીતિ નિયમો (D) વર્તમાનનો સામાન્ય ખ્યાલ

(61) સરળ વેતન પ્રથા કોને કહેવાય ?

(A) જેમાં વધારે વેતન મળતું હોય

(B) જેમાં વેતન ગણતરી સરળતાથી સમજી શકાતી હોય

(C) જેમાં સામાન્ય વેતન મળતું હોય

(D) જેમાં તકલીફ વગર વેતન મળતું હોય.

(62) અભિપ્રેરણને ક્યાં પ્રકારનો ખ્યાલ કહી શકાયા.

(A) શારિરીક (B) રૂઢીગત

(C) હેતુલક્ષી (D) માનસિક

(63) બજાર સંચાલનનો મુખ્ય હેતુ ક્યોં છે ?

(A) વેચાણ વૃધ્ધિનો (B) મહત્તમ નફો કરવાનો

(C) લાંબાગાળાનો નફો અને ગ્રાહકનો સંતોષ (D) ગ્રાહકને ગેરમાર્ગે દોરવા.

(64) POSDCoRB સૂત્ર આપનાર સંચાલન શાસ્ત્રી કોણ છે ?

(A) હેન્નરી ફેંયોલ (B) જ્યોર્જ ટેરી

(C) પીટર ડ્રકર (D) લ્યુથરગ્યુલિક

(65) દોરવણી આપનાર વ્યક્તિને ............... કહે છે ?

(A) ફોરમેન (B) નેતા

(C) કામદાર (D) સુપરવાઈઝર

(66) ધંધાકીય પર્યાવરણને મુખ્ય કેટલા ભાગમાં વહેંચવામાં આવે છે ?

(A) ત્રણ (B) પાંચ

(C) સાત (D) બે

(67) કાર્યક્રમ પાર પાડવાની વ્યવસ્થા દર્શાવે તેને ........... કહે છે.

(A) પધ્ધતિ (B) નીતિ

(C) ધ્યેય (D) નિયમો

(68) જે વેતન પ્રથામાં કામદારોએ કરેલા કાર્ય અને ઉત્પાદન અનુસાર વેતન આપવામાં આવે છે તે પ્રથા એટલે ?

(A) આદર્શવેતન પ્રથા (B) સમયવેતન પ્રથા

(C) કાર્ય વેતન પ્રથા (D) ઉત્તેજન વેતન પ્રથા

(69) ............ દોરવણીનું તત્વ છે.

(A) નિરક્ષણ (B) વ્યવસ્થાતંત્ર

(C) અંકુશ (D) આયોજન

(70) અબ્રાહમ માસલોની જરૂરીયાતોના અગ્રતાક્રમમાં પહેલી જરૂરીયાત એટલે....

(A) સામાજીક જરૂરીયાત (B) શારીરીક જરૂરીયાત

(C) સલામતીની જરૂરીયાત (D) આત્મસિદ્ધિની જરૂરીયાત

(71) તમે માણસો પાસે શું કરાવવા માંગો છો. તે જાણવું અને તેઓ ચોક્કસ રીતે અને ઓછામાં ઓછા ખર્ચ કાર્ય કરે તે જોવું....

(A) રૂઢીગત સંચાલન (B) સંચાલન

(C) વહીવટ (D) વૈજ્ઞાનિક સંચાલન

(72) આયોજન વિધિનો છેલ્લો તબક્કો એટલે....

(A) હેતુ નિર્ધારણ (B) આધાર સ્પષ્ટ કરવા

(C) ગૌણ યોજના ઘડવી (D) ગૌણ યોજનાનું મૂલ્યાંકન

(73) પ્રોત્સાહનનું મુખ્ય સાધન શું છે ?

(A) વેતન (B) બઢતી

(C) નાણું (D) બોનસ

(74) ક્યો માહિતી સંચાર મૌખિક વાતચીત કે સાંકેતિક ભાષામાં સમજાવી શકાય છે ?

(A) ઔપચારિક (B) અન અપૌચારિક

(C) સમ સપાટી (D) ઉપરથી નીચે તરફ

(75) કાર્ય પ્રમાણે સંચાલનના વર્ગીકરણમાં નીચેના કાર્યોનો સમાવેશ થતો નથી ?

(A) ઉત્પાદન સંચાલન (B) બજાર સંચાલન

(C) માલસામગ્રી સંચાલન (D) નાણાંકીય સંચાલન

(76) અંકુશ સંચાલનનું ક્યું કાર્ય છે ?

(A) પ્રથમ (B) બીજુ

(C) ત્રીજુ (D) અંતિમ

(77) સંચાલનના ઘટકો કેટલા છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

(78) સત્તા સોંપણીની ટીપોઈના પાયાઓ કેટલા છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

(79) ભારતમાં રાષ્ટ્રીય અને આ.રા.કક્ષાનું સંચાલન વિષયક શિક્ષણ આપતી સંસ્થા કઈ છે ?

(A) IIM (B) બજાજ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ

(C) બી.કે. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ (D) એકપણ નહીં.

(80) C.E.O. નો સમાવેશ સંચાલનની કઈ સપાટી પર થાય છે ?

(A) ઉચ્ચ સપાટી (B) મધ્ય સપાટી

(C) તળ સપાટી (D) એકપણ નહીં

(81) સંચાલન માળખામાં કડી કે સેતુનું કામ સંચાલનની કઈ સપાટી કરે છે ?

(A) મધ્ય સપાટી (B) ઉચ્ચ સપાટી

(C) તળ સપાટી (D) એકપણ નહીં.

(82) કાર્યાનુસાર ફોરમેનશીપનો ખ્યાલ સૌ પ્રથમ કોણે આપ્યો ?

(A) ફેડરીકટેલર (B) હેનરીફેયોલ

(C) જ્યોર્જટેરી (D) પીટરડ્રકર

(83) સંચાલનની મુખ્ય સપાટીઓ કેટલી છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

(84) એકમના અધિકારી વચ્ચે થતી માહીતીની આપલે ને કહે છે ?

(A) સમકક્ષ માહીતી સંચાર (B) ઉપરથી નીચે તરફ

(C) નીચેથી ઉપર તરફ (D) એકપણ નહીં.

(85) અંકુશનું કાર્ય કઈ સપાટીએ થાય છે ?

(A) ઉચ્ચ (B) મધ્યમ

(C) તળ (D) દરેક સપાટીએ.

(86) એક ફ્રેન્ચ એન્જિનીયર, અને ઉદ્યોગપતિ જેમણે સંચાલનના સિદ્ધાંતોની યાદી આપી છે.

(A) ફેડરીક ટેલર (B) હેનરી ફેયોલ

(C) જ્યોર્જ ટેરી (D) હેરોલ્ડ કુન્ત્ઝ

(87) નીચેનું પ્રોત્સાહન નાણાંકીય પ્રોત્સાહન છે.

(A) પ્રશંસા (B) બઢતી

(C) સલાહસુચનો (D) રોજગાર સલામતી

(88) કાર્યક્રમને પાર પાડવા માટે જે શિસ્ત, સંકલન અને સહકાર મેળવવા જોઈએ અને તે રીતે કામ થવું જોઈએ તેને....

(A) ધ્યેય (B) પધ્ધતિ

(C) નીતિ (D) નિયમો

(89) એક કારખાનામાં ઉત્પાદન મેનેજર અને સ્ટોર મેનેજર વચ્ચે થતી માહિતિની આપ-લે.......

(A) લેખીત માહિતી સંચાર (B) અનૌપચારિક માહિતી સંચાર

(C) ઉપરથી નીચે તરફ (D) સમસ્તર માહિતી સંચાર

(90) ધંધાકીય પર્યાવરણના આંતરીક પરિબળોનો સમાવેશ થાય છે તે પરિબળ....

(A) રાજકીય પરિબળ (B) સામાજીક પરિબળ

(C) કર્મચારીઓ (D) આર્થિક પરિબળ

(91) VOICE નું પૂર્ણનામ...

Voluntary Organisation in Interest of Consumer Education

(92) ગ્રાહક સુરક્ષાની સંસ્થાઓનું સંકલન કરતી સંસ્થા....

(A) CERC (B) CUTS

(C) CCC (D) IGNOU

(93) ગ્રાહક સુરક્ષાને સ્પર્શતું શિક્ષણ આપતી સંસ્થા...

(A) CERL (B) CUITS

(C) CCC (D) IGNOU

●●●

# વિભાગ-B

(1) કળા એટલે શું ?

(2) સંચાલનના અન્ય કાર્યો ક્યા મુખ્ય કાર્યને અનુસરે છે ?

(3) C.E.O. નું સંપૂર્ણ રૂપ આપો.

(4) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રમાં એકમને ક્યા-ક્યા વિભાગમાં વહેંચવામાં આવે છે ?

(5) કઈ નીતિ નિયોજક માટે લાંબાગાળે ખોટી સાબિત થાય છે ?

(6) અભિપ્રેરણ એટલે શું ?

(7) લેખિત માહિતી સંચારના સાધનો જણાવો.

(8) સંચાલકીય કાર્ય તરીકે અંકુશ કોની સાથે ગાઢ રીતે સંકળાયેલા છે ?

(9) ક્યા ઉદ્યોગ-ધંધા જાહેરક્ષેત્ર હેઠળ રાખવામાં આવે છે ?

(10) કાયદાઓ શા માટે હોય છે ?

(11) લ્યુથર ગ્યુલિકના મતે સંચાલનના કાર્યો ક્યા છે ?

(12) સમિતિ વ્યવસ્થાતંત્ર એટલે શું ?

(13) વેતનનો અર્થ આપો.

(14) વિકેન્દ્રીકરણ એટલે શું ?

(15) બોનસ એટલે શું ?

(16) S.M.S. નું વિસ્તૃત રૂપ આપો.

(17) માપનની સંખ્યાત્મક પદ્ધતિ એટલે શું ?

(18) ઉદારીકરણ એટલે શું ?

(19) નિતિશાસ્ત્રની વ્યાખ્યા આપો.

(20) U.N.O. નું વિસ્તૃત રૂપ આપો.

(21) ધ્યેય નિર્ધારણ એટલે શું ?

(22) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રમાં જવાબદારીની સોંપણી ક્યા આધારે થાય છે ?

(23) ઉત્તરદાયિત્વ એટલે શું ?

(24) લઘુત્તમ વેતન એટલે શું ?

(25) માહિતી સંચાર એટલે શું ?

(26) મૌખિક સ્વરૂપમાં માહિતી કઈ રીતે મોકલી શકાય છે ?

(27) ઉત્પાદન આયોજન એટલે શું ?

(28) FEMA એટલે શું ?

(29) W.T.O. એટલે શું ?

(30) સામાજિક જવાબદારી એટલે શું ?

(31) પર્યાવરણના ચાર અંગો ક્યા છે ?

(32) HRD નું વિસ્તૃત રૂપ જણાવો.

(33) ધંધાના કાર્યોનું માપન ક્યા સ્વરૂપે થાય છે ?

(34) બજાર સંચાલનમા ક્યા નવા ખ્યાલો ઉમેરાયા છે ?

(35) ગ્રાહક સુરક્ષા અંગે કાર્ય કરનાર કોઈ એક શૈક્ષણિક સંસ્થાનું નામ આપો.

(36) માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાનો સ્વીકાર કોના દ્વારા કરવામાં આવ્યું ?

(37) સંચાલનના ઘટકો જણાવો.

(38) હૂકમની એકવાક્યતા એટલે શું ?

(39) O. R. નું વિસ્તૃત રૂપ આપો.

(40) અપકર્ષ એટલે શું ?

(41) નિષેધાત્મક પ્રોત્સાહન એટલે શું ?

(42) દોરવણીના તત્વો જણાવો.

(43) અંકુશમાં વિચલન દૂર કરવા શું કરવામાં આવે છે ?

(44) માર્કેટિંગ મિક્સના અંગો કે ઘટકો જણાવો.

(45) વૈશ્વિકીકરણ એટલે શું ?

(46) Rule of Thumb એટલે શું ?

(47) નીતિ એટલે શું ?

(48) અવૈધિક વ્યવસ્થાતંત્ર એટલે શું ?

(49) ભરતી એટલે શું ?

(50) અંકુશનો જન્મદાતા કોણ છે ?

(51) H.R.M. નું વિસ્તૃત રૂપ આપો.

(52) ગ્રાહક સુરક્ષા સમિતિ (કાઉન્સિલ)નો હેતુ શો છે ?

(53) ભરતીના ગમે તે ચાર બાહ્ય પ્રાપ્તિસ્થઆનોના નામ આપો.

(54) વ્યવસાય એટલે શું ?

(55) સંચાલન એટલે શું ?

(56) મધ્યસપાટી સંચાલનમાં કોનો સમાવેશ થાય છે ?

(57) વ્યવસ્થાતંત્રના બે પ્રકારો દર્શાવો.

(58) દોરવણીના મુખ્ય તત્વો ક્યા છે ?

(59) સંક્ષિપ્ત રૂપોના મૂળ શબ્દ લખો. (1) IT (2) P.C.O.

(60) ધોરણો ક્યાં ક્યાં હોઈ શકે છે ?

(61) સમાજ એટલે શું ?

(62) માનવ અધિકારોનો સ્વીકાર ક્યારે અને કોના દ્વારા કરવામાં આવ્યો ?

(63) વ્યવસ્થાતંત્રની શા માટે જરૂર પડે છે ?

(64) પ્રતિક્ષા યાદી એટલે શું ?

(65) વ્યવસ્થાતંત્રનું ઉત્તમ ઉદાહરણ ક્યું છે ?

(66) સત્તા સોંપણી એટલે શું ?

(67) અસામાન્ય નફો એટલે શું ? અસામાન્ય નફાના હકદાર કોણ છે ?

(68) સારા નેતૃત્વના ગુણો દર્શાવો.

(69) માહિતિપ્રેષણ એટલે શું ?

(70) સ્થાપિત ધોરણો કરતા વધુ સારા પરિણામોનો અર્થ શું થાય ?

(71) સંજ્ઞા સમજાવો. (1) G.A.T.T. (2) I.I.M.

(72) સંચાલનના જુદા-જુદા વિસ્તારો ક્યા છે ?

(73) POSDCoRB નું સંપુર્ણ રૂપ આપો.

(74) કાર્યોનું વિભાગીકરણ અને વહેંચણી શા માટે કરવી પડે છે ?

(75) પુનઃકેન્દ્રિકરણ એટલે શું ?

(76) નેતૃત્વના અભાવનું શું પરિણામ આવે છે ?

(77) વિનિમયનો મુખ્ય હેતું શું છે ?

(78) સુધારાલક્ષી પગલામાં ક્યા ક્યા પગલા લઈ શકાય ?

(79) ઈચ્છા અનુસાર ખર્ચ કરી શકાય તેવી આવક કોને કહે છે ?

(80) રૈખિક વ્યવસ્થાતંત્ર ક્યા અનુકુળ છે ?

(81) છટણી એટલે શું ?

(82) અંકુશ એટલે શું ?

(83) ક્યા વ્યવસ્થાતંત્રમાં દરેક વ્યક્તિ પોતાના તરતના ઉપરીને જવાબદાર છે ?

(84) વૈજ્ઞાનિક ભરતી એટલે શું ?

(85) અંકુશનો ક્યો હેતુ છે ?

(86) ધંધાકીય પર્યાવરણ એટલે શું ?

(87) સંચાલન કઈ પ્રવૃત્તિ છે ?

(88) GATT નું પુરુનામ આપો.

(89) સમિતિ વ્યવસ્થાતંત્ર ક્યા ઉપયોગી છે ?

(90) કેવી વેતનપ્રથા ઈચ્છનીય ગણાય ?

(91) માનવ-સંશાધન સંચાલન એટલે શું ?

(92) કાર્યક્ષમતાનો માપદંડ અને સુધારાલક્ષી સાધન જણાવો.

(93) જાહેરહિતની અરજી કોને લખી શકાય ?

(94) માનવ અધિકારોનો ભંગ ક્યારે થયો ગણાય ?

(95) I.T.C. નું વિસ્તૃત રૂપ આપો.

(96) વૈધિક વ્યવસ્થાતંત્ર એટલે શું ?

(97) વધુ ઉત્પાદન અને શ્રેષ્ઠ પરિણામ એ કઈ વેતન પ્રથાનો સિધ્ધાંત છે ?

(98) વિચલન કોને કહેવાય ?

(99) ગ્રાહકે બિલ લેવાનો આગ્રહ શા માટે રાખવો જોઈએ ?

(100) પધ્ધતિ (વિધિ) એટલે શું ?

(101) વિભાગીય વ્યવસ્થાતંત્ર કોને કહે છે ?

(102) આદર્શ વેતન પ્રથા શેની સાથે સંબંધ ધરાવે છે ?

(103) આધુનિક સમયમાં માહિતી સંચારના સાધનો જણાવો.

(104) અભિવૃદ્ધિ અંગેના નિર્ણયોમાં શેનો સમાવેશ થાય છે ?

(105) ઈ.સ. 1991ની જુલાઈ પછી ભારતના અર્થતંત્રમાં ક્યો તબક્કો શરૂ થયો ?

(106) મિશ્ર અર્થતંત્ર કોને કહેવાય છે ?

(107) વાજબી કિંમત એટલે શું ?

(108) કેન્દ્રીકરણ એટલે શું ?

(109) કામદારોને શા માટે લઘુત્તમ વેતન ચૂકવવું જોઈએ ?

(110) નિરીક્ષણ એટલે શું ?

(111) બઢતી એટલે શું ?

(112) M.R.T.P. એટલે શું ?

(113) વ્યવસ્થાતંત્રના બે લક્ષણો જણાવો.

(114) સત્તા સોંપણી કઈ-કઈ બાબતો અંગે હોઈ શકે ?

(115) બજારનું સંચાલન એટલે શું ?

(116) કર્મચારીઓને સામાજિક સલામતીની કઈ સુવિધાઓ પુરી પાડવી જોઈએ ?

(117) સત્તા સોંપણીની પ્રક્રિયાના ત્રણ પાયાના નામ જણાવો.

(118) કર્મચારીની ભરતી માટેના કોઈપણ બે બાહ્ય પ્રાપ્તિસ્થાનો જણાવો.

(119) કોઈપણ બે મુખ્ય નાણાંકીય પ્રોત્સાહનોના નામ જણાવો.

(120) નેતૃત્વ એટલે શું ?

(121) અંકુશ શું કાર્ય કરે છે ?

(122) કાર્યાનુસાર કાર્ય વિસ્તારમાં ક્યા ક્યા કાર્યોનો સમાવેશ થાય છે ?

(123) ગ્રાહક સુરક્ષા એટલે શું ?

(124) માનવ અધિકારોની જોગવાઈ એટલે શું ?

(125) પડતર-અંકુશ એટલે શું ?

(126) આયોજનના ઘટકો જણાવો.

(127) હેનરી ફેયોલે તેમના ક્યા પુસ્તકમાં સંચાલનના સિદ્ધાંતો રજુ કર્યા છે ?

(128) અંકુશ-વિસ્તાર એટલે શું ?

(129) રૂબરૂ મુલાકાત સમિતિમા કોનો સમાવેશ થાય છે ?

(130) પ્રશંસા ક્યારે પ્રોત્સાહન બને છે ?

(131) નેતૃત્વ ક્યારે પ્રોત્સાહન બને છે ?

(132) માલની ગુણવત્તા અંકુશ એટલે શું ?

(133) ગ્રાહક કલ્યાણ-ભંડોળનો ઉદ્દેશ શું છે ?

(134) ક્યા સામાજિક પરિબળો ધંધાને અસર કરે છે ?

(135) દેશમાં માથાદીઠ આવક ક્યારે વધે છે ?

(136) ગતિનિરીક્ષણમા શેનો અભ્યાસ થાય છે ?

(137) અંકુશ શેનું નિરિક્ષણ કરે છે ?

(138) સત્તા એટલે શું ?

(139) P.C. નું રૂપ આપો.

(140) ક્યા બાહ્ય પરિબળો ધંધાના અસ્તિત્વને જોખમમાં મુકે છે ?

(141) આયોજનના મૂલ્યાંકન માટે ક્યો સિધ્ધાંત અપનાવવો પડે છે ?

(142) હેનરી કેયોલ કોણ હતા ?

(143) કાર્યાનુસાર વેતનપ્રથા એટલે શું ?

(144) હિતસમૂહો એટલે શું ?

●●●

## વિભાગ-C

(1) સંચાલન એક વ્યવસાય છે. સમજાવો.

(2) વ્યવસ્થાતંત્રની રચનામાં વધુ પડતી સપાટીઓ શા માટે ટાળવી જોઈએ ?

(3) ધંધામાં માલિકો અને કામદાર વર્ગ વચ્ચે શા માટે માનસિક સંઘર્ષ થાય છે ?

(4) અંદાજપત્ર એ અંકુશ માટેનું સાધન છે : સમજાવો.

(5) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રની જરૂરિયાત શા માટે ઉદ્‌ભવે છે ?

(6) સત્તા સોંપણી એ વ્યવસ્થાતંત્રની સફળતાનો પાયો છે : સમજાવો.

(7) બદલી એ શિક્ષાત્મક પગલું નથી : સમજાવો.

(8) તાલીમ ખર્ચાળ છે પણ તેની ગેરહાજરી વધુ ખર્ચાળ છે : સમજાવો.

(9) સમય વેતનપ્રથાને મજૂરસંઘો શા માટે આવકારે છે ?

(10) માહિતી વગરનું સંચાલન શસ્ત્રો વિનાના સૈન્ય જેવું છે : સમજાવો.

(11) વિચલનો શોધ્યા પછી સુધારાલક્ષી પગલાં ક્યારે લેવાય છે ?

(12) બજાર સંચાલનનો ખ્યાલ ગ્રાહકલક્ષી છે : સમજાવો.

(13) ગ્રાહક સુરક્ષાધારો ક્યા ઉદ્દેશથી ક્યારે ઘડાયો ?

અથવા

ગ્રાહક શા માટે છેતરાય છે ?

(14) ધંધાકીય પર્યાવરણને ક્યા પરિબળો અસર કરે છે ?

(15) સંચાલન વિજ્ઞાનની તાલીમ આપતી સંસ્થાઓના નામ જણાવો.

(16) અંદાજપત્રના કોઈપણ બે લાભ/ફાયદા જણાવો.

(17) સત્તાનું કેન્દ્રીકરણ એટલે શું ?

અથવા

સંજ્ઞા સમજાવો : સત્તાસોંપણી

(18) સત્તાના વિકેન્દ્રીકરણના ચાર ફાયદા જણાવો.

(19) અપકર્ષ એટલે શું ?

(20) કર્મચારી ભરતીના આંતરિક પ્રાપ્તિસ્થાનો જણાવો.

(21) નિષેધાત્મક પ્રોત્સાહન કોને કહેવામાં આવે છે ?

(22) સામાજિક જરૂરિયાતમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(23) અંકુશનું ધ્યેય ટૂંકમાં સમજાવો.

(24) ગ્રાહકશિક્ષણ માટે કઈ બે યુનિવર્સિટીએ અભ્યાસક્રમો પૂરા પાડ્યા છે ?

(25) ગાંધીજીના ટ્રસ્ટીપણાનો સિધ્ધાંત ગ્રાહક અંગેનું સૂચવે છે ?

(26) ગ્રાહકધારાના ઘડતર પાછળનો મુખ્ય હેતુ ક્યો છે ?

(27) સંજ્ઞા સમજાવો : MRTP

(28) માનવ અધિકારનો ભંગ ક્યારે થયો ગણાય ?

(29) સંચાલનના મુખ્ય લક્ષણો જણાવો.

(30) સંચાલકીય કાર્યો એટલે શું ?

અથવા

વહીવટને અમલીકરણની પ્રક્રિયા શા માટે કહે છે ?

(31) સંજ્ઞા સમજાવો : સમિતિ વ્યવસ્થાતંત્ર

(32) ઉત્તરદાયિત્વ એટલે શું ?

(33) H.R.D. શબ્દનો અર્થ સ્પષ્ટ કરો.

(34) વેતનપ્રથા શા માટે પરિવર્તનશીલ હોવી જોઈએ ?

(35) આત્મસિધ્ધિની જરૂરિયાત એટલે શું ?

(36) અંકુશનું કાર્ય સર્વવ્યાપી છે : સમજાવો.

(37) માહિતીપ્રેષણ એટલે શું ?

(38) જાહેરહિતની અરજી એટલે શું ?

(39) સંજ્ઞા સમજાવો : સામાજિક જવાબદારી.

(40) સતાનાં કેન્દ્રીકરણની કઈ સમસ્યાઓ ઉદ્ભવે છે ?

(41) સંચાલનમાં મુખ્યત્વે કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(42) સંકલનની સફળતા માટે કઈ બાબતો જરૂરી છે ?

(43) શ્રી ટેલરના મતે માનસિક ક્રાંતિ એટલે શું ?

(44) પ્રોત્સાહન એટલે શું ? તેના મુખ્ય બે પ્રકાર જણાવો.

(45) આંતરિક પ્રાપ્તિસ્થાનોના ફાયદા જણાવો.

(46) અપકર્ષ એટલે શું ? તે ક્યા કારણોસર આપવામાં આવે છે.

(47) માર્કેટિંગ મિક્સ કોને કહેવાય ?

(48) વિચલન એટલે શું ?

અથવા

અંકુશનો સાર શું છે ?

(49) ધંધાકીય પર્યાવરણ એટલે શું ?

(50) વૈધિક અને અવૈધિક માહિતીસંચાર એટલે શું ?

(51) રોજ-બરોજ ગ્રાહકોનું શોષણ કઈ રીતે થાય છે ? તેના ચાર ઉદાહરણ આપો.

(52) ઉદારીકરણ એટલે શું ? તેનાં બે પગલાં જણાવો.

(53) સંચાલન એક પ્રક્રિયા છે. કેવી રીતે ?

(54) સંચાલન અને વહીવટ એટલે શું ?

(55) ‘‘આયોજન દ્વારા બગાડ અને કરકસર શક્ય બને છે’’ : વિધાન સમજાવો.

(56) બદલીના ચાર કારણો આપો.

(57) નિરીક્ષણ એટલે શું ?

(58) લેખિત માહિતીસંચાર વખતે વધુ ચોક્સાઈ રાખવી જોઈએ : શા માટે ?

(59) નીતિમતાના અમલ માટે સમિતિની રચના વિશે સમજાવો.

(60) ધંધાએ કર્મચારીઓને સામાજિક સલામતીની સુવિધાઓ શા માટે પુરી પાડવી જોઈએ ?

(61) સંચાલન દ્વારા વિકાસ પામતાં ક્ષેત્રો જણાવો.

(62) આયોજનની કોઈપણ ચાર મર્યાદા જણાવો.

(63) રૈખિક વ્યવસ્થાતંત્રની કોઈપણ ચાર મર્યાદા જણાવો.

(64) નિવૃત્તિ માટેના કારણો જણાવો.

(65) નાણાંકીય પ્રોત્સાહન શા માટે વધુ આવકાર્ય છે ?

(66) અબ્રાહ્મ માસ્લોની જરૂરિયાતોનો ક્રમ દર્શાવો.

(67) માહિતી પ્રેષણ શા માટે જરૂર છે ?

(68) ગ્રાહકનો રજૂઆતનો અધિકાર સમજાવો.

(69) ધંધાની સરકાર પ્રત્યેની સામાજિક જવાબદારી સ્પષ્ટ કરો.

(70) ધંધાકીય એકમના નૈતિક મૂલ્યોના નિર્ણય પ્રક્રિયાના તબક્કા જણાવો.

(71) સંચાલનના સિધ્ધાંતો એટલે શું ?

(72) સંચાલનની સપાટીઓની આકૃતિ દોરો.

(73) કર્મચારીને સંચાલનમાં ભાગ આપવો એટલે શું ?

(74) બઢતી માટેના કારણો જણાવો.

(75) સમય વેતનપ્રથામાં ઔદ્યોગિક ઝઘડાની શક્યતા શા માટે નહિવત છે ?

(76) માહિતી સંચારના કોઈપણ બે અવરોધ જણાવો.

(77) અંકુશનું મહત્વ સ્પષ્ટ કરતાં બે મુદ્દા જણાવો.

(78) વૈશ્વિકીકરણની બે વિધાયક અસરો જણાવો.

(79) અંદાજપત્ર એટલે શું ?

(80) જુઓ અને આગળ વધો નો સિધ્ધાંત એટલે શું ?

(81) તાલીમ એટલે શું ? તાલીમ શા માટે જરૂરી છે ?

(82) નિયમો એટલે શું ?

(83) પસંદગીનો અર્થ આપો.

(84) નેતૃત્વ એટલે શું ?

(85) નાણાંકીય સંચાલનના નાણાંનો ઉપયોગ કાર્યને સમજાવો.

(86) ફેડરિક ટેલરે વૈજ્ઞાનિક સંચાલન અંગે કઈ ત્રણ બાબતો દર્શાવી છે ?

(87) સમિતિ વ્યવસ્થાતંત્રની સફળતા માટેનાં સૂચનો જણાવો.

(88) હેનરી ફેયોલે વહીવટીય પ્રવૃત્તિને ક્યા વિભાગમાં વહેંચી છે ?

(89) સમય નિરીક્ષણ, ગતિ નિરીક્ષણ અને થાક નિરીક્ષણ કરવાથી ક્યા ફાયદા થાય છે ?

(90) ભરતી અને પસંદગીના તફાવતના બે મુદ્દા જણાવો.

(91) પ્રોત્સાહનના લાભ જણાવો.

(92) અભિપ્રેરણથી કર્મચારીની ફેરબદલીમાં કેવી રીતે ઘટાડો થાય છે ?

(93) સાંભળવાવાળા ઘણાં હોય છે, પણ ધ્યાનથી સાંભળવાવાળા ઓછા હોય છે : સમજાવો.

(94) HRM સંજ્ઞા સમજાવો.

(95) ઈ-કોમર્સની યોજના સમજાવો.

(96) પ્રચલિત અભિગમ મુજબ સંચાલન અને વહીવટ એટલે શું ?

(97) તાલીમ અને વિકાસના તફાવતના બે મુદ્દા જણાવો.

(98) બજેટ શબ્દની ઉત્પતિ કેવી રીતે થાય છે ?

(99) કર્મચારી વ્યવસ્થાના બે લક્ષણો જણાવો.

(100) તાલીમના ખર્ચને ખર્ચ ન ગણતા મૂડીરોકાણ ગણવું જોઈએ. શા માટે ?

(101) નેતાના બૌધ્ધિક અને મનોવૈજ્ઞાનિક ગુણોમાં ક્યા ગુણોનો સમાવેશ થાય છે ?

(102) બિનઆર્થિક પ્રોત્સાહનો ક્યાં ક્યાં છે ?

(103) ઉર્ધ્વગામી અને નિમ્નગામી માહિતી સંચાર એટલે શું ?

(104) સંજ્ઞા સમજાવો : (1) MRTP (2) FEMA.

(105) ધંધાએ માલિકો અને રોકાણકારોને કઈ માહિતી અને શા માટે પુરી પાડવી જોઈએ ?

(106) U.N.O. સંજ્ઞા સમજાવો.

(107) સર્વોચ્ચ અંદાજપત્ર એટલે શું ?

(108) રૈખિક વ્યવસ્થાતંત્ર કેવા એકમોમાં અનુકુળ રહે છે ?

(109) છટણી એટલે શું ?

(110) કર્મચારીઓને તાલીમ આપવાની ફક્ત પધ્ધતિઓની યાદી આપો.

(111) ક્યા કારણોસર કર્મચારીઓની ભરતી કરવી પડે છે ?

(112) વેસ્ટીબ્યુલ તાલીમ એટલે શું ?

(113) પ્રોત્સાહનના વિવિધ પ્રકારો જણાવો.

(114) સંજ્ઞા સમજાવો : દોરવણી.

(115) માહિતી પ્રેષણની શા માટે જરૂર પડે છે ?

(116) સુધારાલક્ષી પગલાં લેતી વખતે કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

(117) સંજ્ઞા સમજાવો : બજાર સંચાલન

(118) માનવ સંસાધન સંચાલન પ્રક્રિયામાં ક્યા કાર્યોનો સમાવેશ થાય છે ?

(119) બજાર સંચાલનમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે.

(120) વસ્તુ ખરીદતી વખતે ગ્રાહકે કઈ કઈ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે ?

(121) રાષ્ટ્રીય કમિશનનું કાર્ય જણાવો.

(122) સંજ્ઞા સમજાવો. WTO

(123) સંચાલન વિસ્તારોનો ખ્યાલ કઈ બાબતોમાંથી ઉદ્‌ભવ્યો છે ?

(124) ભરતી એટલે શું ?

(125) વૈજ્ઞાનિક સંચાલન એટલે શું ?

(126) O.R. સંક્ષિપ્તરૂપનો મૂળ શબ્દ લખો.

(127) અવૈધિક વ્યવસ્થાતંત્ર એટલે શું ?

(128) વિકેન્દ્રીકરણ એટલે શું ?

(129) પ્રતિક્ષાયાદી એટલે શું ?

(130) વૈજ્ઞાનિક ભરતી એટલે શું ?

(131) નાણાંકીય સંચાલનના નાણાના પ્રાપ્તિનું કાર્ય સમજાવો.

(132) વિકસતા દેશોમાં સંચાલનનું મહત્વ જણાવો.

(133) કર્મચારી વ્યવસ્થામાં ક્યા કાર્યોનો સમાવેશ થાય છે ?

(134) પ્રોત્સાહન એટલે શું ? તેના મુખ્ય બે પ્રકાર જણાવો.

(135) ઈન્ટરનેટ સંજ્ઞા સમજાવો.

(136) ગ્રાહકના શોષણના ત્રણ વિભાગો જણાવો.

(137) સંજ્ઞા સમજાવો : FERA

(138) ધંધાકીય નિતીમત્તાની લોકસમુદાયમાં શી અસર થાય છે ?

(139) ધંધાકીય નિતીમત્તા એટલે શું ?

(140) સંચાલન વિસ્તારનો ખ્યાલ કઈ બાબતમાંથી ઉદ્‌ભવ્યો ?

(141) C.W.F. ના સંક્ષિપ્તરૂપનો મૂળશબ્દ લખો.

(142) વિકેન્દ્રીકરણના ગમે તે ચાર ફાયદા જણાવો.

(143) અંદાજપત્રનો અર્થ આપો.

(144) ગાંધીજીનો વાલીપણાનો સિધ્ધાંત ગ્રાહક વિશે શું લખે છે ?

●●●

# વિભાગ-D

**પ્રશ્નક્રમાંક (36 થી 45નો વિભાગ-D) મુદ્દાસર ઉત્તરો લખો. દરેકના 3 ગુણ.**

(1) સંચાલનની પ્રક્રિયા સમજાવો.

(2) સંચાલનનું મહત્વ સમજાવો.

(3) સંચાલન કળા, વિજ્ઞાન તરીકે સમજાવો.

(4) સંચાલન અને વહીવટ વચ્ચેનો તફાવત આપો.

(5) સંચાલનની નિમ્ન સપાટીનાં કાર્યો જણાવો.

(6) સંચાલનની સપાટીઓનાં આંતર સંબંધો વિશે નોંધ લખો.

(7) ''નિમ્ન સપાટીએ કાર્યકારી સંચાલનની સપાટી છે'' : વિધાન સમજાવો.

(8) મધ્યસપાટીએ ઉચ્ચ અને નિમ્ન સપાટી વચ્ચે કડીરૂપ છે : વિધાન સમજાવો.

(9) સંચાલન અને વહીવટનું દરેક સપાટીએ સહઅસ્તિત્વ હોય છે.

(10) સંચાલનની ઉચ્ચ સપાટી અને તળ સપાટી વચ્ચે તફાવત સ્પષ્ટ કરો.

(11) સંચાલનના સિધ્ધાંતોનું મહત્વ સમજાવો.

(12) હુકમની એકવાક્યતાનો સિધ્ધાંત સમજાવો.

(13) ''સંચાલનના સિધ્ધાંતો જડ નહિ પણ પરિવર્તનશીલ છે.'' : સમજાવો.

(14) સંચાલનના સિધ્ધાંતોનો અમલ કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી પડે છે ?

(15) શ્રી ફ્રેડરિક ટેલરનો વૈજ્ઞાનિક સંચાલનનો અભિગમ એ એક અભિગમ પ્રયોગ છે : સમજાવો.

(16) હેનરી ફેયોલના સિધ્ધાંતોની યાદી આપો.

(17) આયોજનના ત્રણ લાભ સમજાવો.

(18) અંદાજપત્રનો અર્થ - લક્ષણો જણાવો.

(19) અંદાજપત્રના લાભ-મર્યાદાઓ ટૂંકમાં જણાવો.

(20) આયોજન સંચાલકીય કાર્યોનો પાયો છે : વિધાન સમજાવો.

(21) ''અંદાજપત્ર આંકડાની માયાજાળ છે'' : વિધાન સમજાવો.

(22) આયોજન પરિવર્તનને કાબૂમાં રાખતાં શીખવે છે : વિધાન સમજાવો.

(23) આયોજનના ઘટકો વિશે નોંધ લખો.

(24) ''આયોજન ધંધાની સફળતાની ચાવી છે'' : સમજાવો.

(25) આયોજનની ત્રણ મર્યાદાઓ સમજાવો.

(26) સમિતિ વ્યવસ્થાતંત્ર વિશે નોંધ લખો.

(27) અવૈધિક વ્યવસ્થાતંત્રના લાભા-લાભ જણાવો.

(28) અવૈધિક વ્યવસ્થાતંત્ર એ વૈધિક વ્યવસ્થાતંત્રનો પડછાયો છે : સમજાવો.

(29) ''વ્યવસ્થાતંત્ર માળખું પણ છે અને પ્રક્રિયા પણ છે'' : વિધાન સમજાવો.

(30) ''સત્તા અને જવાબદારીની સમતુલા એ વ્યવસ્થાતંત્રનો પાયો છે'' : સમજાવો.

(31) રૈખિક અને કાર્યાનુસર વ્યવસ્થાતંત્ર વચ્ચેનો તફાવત (ત્રણ મુદ્દા) આપો.

(32) વૈધિક અને અવૈધિક વ્યવસ્થાતંત્રનો તફાવત (ત્રણ મુદ્દા) આપો.

(33) સત્તા, જવાબદારી અને ઉત્તરદાયીત્વ સત્તા સોંપણીની પ્રક્રિયાના ત્રણ પાયા છે.

(34) સત્તાની સોંપણી અધિકારીનું કાર્ય ઘટાડે છે, જવાબદારી નહિ - વિધાન સમજાવો.

(35) સત્તા સોંપણી અને વિકેન્દ્રીકરણ વચ્ચે પાતળી ભેદ રેખા છે : સમજાવો.

(36) વિકેન્દ્રીકરણના ત્રણ ફાયદા જણાવો.

(37) બદલીનો અર્થ અને કારણો જણાવો.

(38) અપકર્ષનો અર્થ અને કારણો જણાવો.

(39) ભરતી અને પસંદગીનો ભેદ સ્પષ્ટ કરો.

(40) બદલીએ શિક્ષાત્મક પગલું નથી : સમજાવો.

(41) કુશળ કર્મચારીઓ એકમની અમૂલ્ય અસ્કામતો છે : સમજાવો.

(42) કર્મચારીઓ એકમના હાથ-પગ છે : સમજાવો.

(43) માનવ-સંસાધનના ભાગ તરીકે કર્મચારી-વ્યવસ્થા વિશે નોંધ લખો.

(44) તાલીમનો અર્થ અને મહત્વ જણાવો..

(45) તાલીમ અને વિકાસ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

(46) તાલીમ ખર્ચાળ છે પરંતુ તેની ગેરહાજરી વધુ ખર્ચાળ છે : સમજાવો.

(47) ફક્ત નવા કર્મચારીઓને જ તાલીમ ઉપયોગી નથી : સમજાવો.

(48) વેસ્ટિબ્યુલ તાલીમ વિશે નોંધ લખો.

(49) ઈન્ટર્નશીપ તાલીમ વિશે નોંધ લખો.

(50) આદર્શ વેતન પ્રથાનાં લક્ષણો જણાવો.

(51) સમય વેતન પ્રથા અને કાર્ય આધારિત વેતન પ્રથાનો તફાવત (ત્રણ મુદ્દા) આપો.

(52) નાણાંકીય પ્રોત્સાહન (આદર્શ વેતન પ્રથા) બંને પક્ષે આવકાર્ય છે : સમજાવો.

(53) કાર્યાનુસાર વેતનપ્રથાનાં કોઈપણ ચાર ફાયદા સમજાવો.

(54) વધુ ઉત્પાદન અને શ્રેષ્ઠ પરિણામ એ કાર્ય આધારિત વેતન પ્રથાનો સિધ્ધાંત છે : સમજાવો.

(55) બિન નાણાંકીય પ્રોત્સાહનો પણ નાણાંકીય પ્રોત્સાહનો જેટલાં જ અસરકારક છે : સમજાવો.

(56) નાણાંકીય અને બિન નાણાંકીય પ્રોત્સાહનનો ભેદ સ્પષ્ટ કરો.

(57) દોરવણીનું મહત્વ જણાવો.

(58) દોરવણીનાં લક્ષણો સમજાવો.

(59) નિરીક્ષણનું મહત્વ જણાવો.

(60) મનોવૈજ્ઞાનિક અબ્રાહ્મ માસ્લો ના મતે જરૂરિયાતોનો અગ્રતાક્રમ આકૃતિ દોરી સમજાવો.

(61) નેતૃત્વનો અર્થ - લક્ષણો સ્પષ્ટ કરો.

(62) નેતૃત્વનું લક્ષણો સ્પષ્ટ કરો.

(63) સારા નેતાના ગુણો વર્ણવો.

(64) નિરીક્ષણ એ અંકુશ નથી : સમજાવો.

(65) નેતૃતવ એ પ્રેરણાનો સ્ત્રોત છે : સમજાવો.

(66) દોરવણી એ સતત ચાલતી પ્રક્રિયા છે : સમજાવો.

(67) અભિપ્રેરણ કાર્યસંતોષ વધારે છે : સમજાવો.

(68) માહિતી વગરનું સંચાલન શસ્ત્રો વિનાના સૈન્ય જેવું છે : સમજાવો.

(69) સાંભળવાવાળા ઘણાં હોય છે પરંતુ ધ્યાનથી સાંભળવાવાળા ખૂબ જ ઓછાં હોય છે : સમજાવો.

(70) ઔપચારિક અને અનૌપચારિક માહિતી સંચારનો તફાવત આપો.

(71) મૌખિક અને લેખિત માહિતી સંચારનો તફાવત આપો.

(72) માહિતી પ્રેષણનો અર્થ અને મહત્વ સ્પષ્ટ કરો.

(73) અંકુશનાં ત્રણ લક્ષણો દર્શાવો.

(74) આયોજન અને અંકુશ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(75) અંકુશનું મહત્વ સ્પષ્ટ કરો.

(76) અંકુશની પ્રક્રિયાના તબક્કા તરીકે સુધારલક્ષી પગલાં સમજાવો.

(77) અંકુશ એ નકારાત્મક કાર્ય નથી. વિધાન સમજાવો.

(78) અંકુશનો હેતુ સુધારાલક્ષી પગલાં લેવાનો છે : વિધાન સમજાવો.

(79) આયોજન અંકુશનો જન્મદાતા છે : વિધાન સમજાવો.

(80) અંકુશ એ સતત પ્રક્રિયા છે : વિધાન સમજાવો.

(81) બજાર સંચાલનનું કાર્યક્ષેત્ર જણાવો.

(82) માર્કેટિંગ મિક્સ સમજાવો.

(83) નાણાંકીય સંચાલનના કાર્યક્ષેત્ર વિશે નોંધ લખો.

(84) માનવ સંસાધન સંચાલન વિશે નોંધ લખો.

(85) નાણું એ ધંધારૂપી શરીરમાં રક્ત સમાન છે.

(86) ગ્રાહક જાગૃતિ માટે જાહેરાતની પધ્ધતિઓ વિશે નોંધ લખો.

(87) ગ્રાહક ઝઘડા નિવારણ સંસ્થાઓ વિશે નોંધ લખો.

(88) દરેક વ્યક્તિ ગ્રાહક છે : વિધાન સમજાવો.

(89) દરેક ગ્રાહકને અધિકારો અને જવાબદારીઓ છે : વિધાન સમજાવો.

(90) ગ્રાહક સુરક્ષા મંડળો ગ્રાહકની સુરક્ષા માટે પ્રયત્નશીલ છે.

(91) ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યો જણાવો.

(92) ભારતમાં આર્થિક પર્યાવરણ : નોંધ લખો.

(93) ધંધાકીય પર્યાવરણનું સામાજિક પાસું : નોંધ લખો.

(94) વિશ્વ એક ગામડું છે : વિધાન સમજાવો.

(95) ધંધાકીય વિકાસ નિરંતર ગતિશીલ પ્રવાહ છે : વિધાન સમજાવો.

(96) ઉદારીકરણ, અને વૈશ્વિકીકરણે ભારતના વિકાસ માટે નવી દિશા ખોલી છે.

(97) નિકાસ પ્રેરિત વિકાસ અને વિકાસ પ્રેરિત નિકાસ : સમજાવો.

(98) ધંધાની સરકાર પ્રત્યેની જવાબદારી સમજાવો.

(99) ધંધો અને પર્યાવરણનું રક્ષણ : નોંધ લખો.

(100) સામાજિક જવાબદારી અને માનવીય અધિકારોની જરૂરિયાત સમજાવો.

(101) ધંધાની સમાજ અને જાહેર પ્રજા પ્રત્યે સામાજિક જવાબદારી સમજાવો.

(102) ધંધાકીય નીતિમત્તા વિશે વિસ્તૃત નોંધ લખો.

(103) જો સમાજમાં ધંધાર્થીઓ નીતિમત્તાનું પાલન કરે તો કાનુની નિયમનો બિનજરૂરી બની જાય છે : સમજાવો.

●●●

# વિભાગ-E

**પ્રશ્નક્રમાંક 46 થી 49નો વિભાગ**

(1) હેનરી ફેયોલના સંચાલનના કોઈપણ પાંચ સિધ્ધાંતો સમજાવો.

(2) વૈજ્ઞાનિક સંચાલનની વ્યાખ્યા આપી તેમાં ફ્રેડરિક ટેલરના વિચારો લખો.

(3) આયોજનનો અર્થ આપી તેનાં પાંચ લક્ષણો સમજાવો.

(4) આયોજનની વ્યાખ્યા આપી તેનાં પાંચ લાભ સમજાવો.

(5) આયોજનની વ્યાખ્યા આપી તેની પાંચ મર્યાદાઓ સમજાવો.

(6) આયોજનના તબક્કા (પ્રક્રિયા) વર્ણવો.

(7) અંદાજપત્ર એટલે શું ? તેના ઘડતરની પ્રક્રિયાના તબક્કા વર્ણવો.

(8) વ્યવસ્થાતંત્રનો અર્થ આપી તેની રચના સમજાવો.

(9) રૈખિક વ્યવસ્થાતંત્રની વિગતવાર ચર્ચા કરો.

(10) સમિતિ વ્યવસ્થા તંત્રના લાભાલાભ ચર્ચો.

(11) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રના લાભાલાભ સમજાવો.

(12) સત્તાસોંપણીનાં મૂળતત્ત્વો વિશે નોંધ લખો.

(13) પસંદગીનો અર્થ આપી તેની વિધિ ચર્ચા.

(14) તાલીમના પ્રકારો જણાવી કામદારોની તાલીમના પ્રકારો વર્ણવો.

(15) ભરતીનો વૈજ્ઞાનિક અર્થ આપી ભરતીનાં બાહ્ય પ્રાપ્તી સ્થાનો (કોઈપણ પાંચ) સમજાવો.

(16) સમય આધારિત વેતનપ્રથાના લાભાલાભ સમજાવો.

(17) કાર્ય વેતન પ્રથાના લાભા-લાભ સમજાવો.

(18) અભિપ્રેરણ એટલે શું ? અભિપ્રેરણનું મહત્વ સમજાવો.

(19) નેતૃત્વનો અર્થ આપી તેનાં લક્ષણો સમજાવો.

(20) દોરવણીનો અર્થ આપી દોરવણીનાં લક્ષણો સમજાવો.

(21) માહિતી સંચારની વ્યાખ્યા આપો અને તત્ત્વો સમજાવો.

(22) માહિતી સંચારને અવરોધતાં પાંચ પરિબળો સમજાવો.

(23) માહિતી સંચારના પ્રકારોની ચર્ચા કરો અને આકૃતિ દ્વારા સમજૂતી આપો.

(24) અંકુશનો અર્થ આપી તેનાં લક્ષણો સમજાવો.

(25) અંકુશની પ્રક્રિયાના તબક્કા વિગતવાર સમજાવો.

(26) ઉત્પાદન સંચાલનનો અર્થ આપી તે વિસ્તૃત રીતે સમજાવો.

(27) ગ્રાહક સુરક્ષા એટલે શું ? ગ્રાહક સુરક્ષાની જરૂરિયાત સમજાવો.

(28) ગ્રાહક સુરક્ષાનો અર્થ આપી ગ્રાહકના અધિકારો સમજાવો.

(29) ગ્રાહક સુરક્ષાનો અર્થ આપી ગ્રાહકની જવાબદારીઓ સમજાવો.

(30) ધંધાકીય પર્યાવરણના આર્થિકપાસા વિશે વિસ્તૃત સમજ આપો.

(31) ભારતમાં ઈ.સ. 1991 પછીના આર્થિક પર્યાવરણની હકારાત્મક અને નકારાત્મક પાસાઓ સમજાવો.

(32) 1991 પછીના આર્થિક પર્યાવરણના ઘટકો તરીકે ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ સમજાવો.

(33) ધંધાકીય પર્યાવરણનું કાયદાકીય અને રાજકીય પાસું સમજાવો.

(34) ધંધાકીય એકમની માલિકો રોકાણકારો પ્રત્યે જવાબદારીઓ સમજાવો.

(35) ધંધાની કર્મચારીઓ અને ગ્રાહકો પ્રત્યેની સામાજિક જવાબદારીઓ સમજાવો.

(36) ધંધાની સમાજ અને જાહેર પ્રજા પ્રત્યે સામાજિક જવાબદારીઓ સમજાવો.

(37) ધંધાકીય નીતિમત્તા વિશે વિસ્તૃત નોંધ લખો.

●●●